# श्रीहीरविजयसूरिनी सज्झाय

- सं. मुनि महाबोधिविजय

**भूमिका :**

७ कडीनी आ रचनामां जगद्गुरश्री हीरविजयसूरिमहाराजना गुणानुवाद थया छे. कृतिनी रचना श्रीहर्षविमलना शिष्ये करी छे. कळशमां आवती पंक्ति 'जयविमलकारक' थी एवुं अनुमान करी शकाय के आ कृति श्रीजयविमलमुनिए रची होवी जोईए । कृतिमां रचना संवतनो उल्लेख नथी ।

प्राय: राधनपुरना को'क ज्ञानभंडारमां सचवायेला छूटा हस्तलिखितपत्रोमांथी आ रचना प्राप्त थई छे. लंबचोरस पत्रमां ऊभी लखायेली आ कृतिनी प्रत्येक पंक्तिमां लगभग १५ थी १६ अक्षर छे. अक्षरना मरोड परथी एवुं अनुमान थाय छे- कृति प्राय: १८मा सैकामां लखायेली छे, अने ते श्रीजयविजयगणीए लखी छे. कृति पूर्ण थया पछी तरत ज जैनेतर दर्शनना देवी देवतानी स्तुति लखाइ छे, जे श्रीजयविजयगणीना हाथे ज लखायेल छे.

## श्रीहीरविजयसूरिनी सज्झाय

**वीर**विजणेसर त्रिभुवनि चंद
प्रणमी निजगुरु धरी आणंद,
थुंणसंउ तपगच्छगुणनिधान
**श्रीहीरविजयसूरि** युगहप्रधान ॥ १ ॥

तप-संयम नित अंगी धरी
पाली जिनवर आण्या खरी,
जिन चोवीसइ धरि मनि ध्यान ॥ श्रीहीर० २ ॥

टालिइ पंच प्रमादह जेह
उपशम संवर आणि देह,
सुविहित साधु दीइ बहुमान ॥ श्रीहीर० ॥ ३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

कुमतवृंदवारणकेसरी
मिथ्यातिमिर हरि यमहरी
वादीजनना मोड्या मान । श्रीहीर० ४ ॥

**ओशविंश** उदयो जगीभाण
सूत्रअरथ परंपारीनो जाण,
आपी भवीयण समकितदान । श्रीहीर० ॥

धन **नाथी जिणि** उअरी धर्यो
धन **कुंरा** कुलि तुं अवतर्यो,
जिनशासनि जिणइं लाधुं मान । श्रीहीर० ॥

**श्री आणंदविमल** सूरि महिमावंत
**श्रीविजयदान** भगवंत,
**श्री हरखविमलसीस** करइ गुणगान । श्री हरी.

॥ **कलस** ॥

प्रधान पंडित महीअ मंडित कुमतिखंडन सुरगुरो
गुरुभाव निरमल करी मंगल नारीअपच्छर जयकरो
जयविमलकारक भव्यतारक मूरतिमोहन सुरतरो
तपगच्छदिनकर संघसुखकर जयो **श्रीहीरविजय** सूरीश्वरो ॥ ८ ॥

इति **श्री हीरविजयसू**रिनी सज्झाय

समाप्त

॥ **गणिजयविजय**लिखितं ॥ श्री : ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org